વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

આકારણી શાખા

**વડોદરા મહાનગરપાલિકાની હદમાં આવેલી કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી હસ્તક્ની (ઔધોગિક એકમો સહની) મિલક્તોના સને ૨૦૨૧-૨૨ના વર્ષના આકારણી રજીસ્ટર ધી ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ના પરિશિષ્ટ 'ક' ના પ્રકરણ-૮ ના નિયમ ૯ તથા નિયમ ૧૩ થી ૧૬ મુજબની પ્રસિધ્ધી બાબતે જાહેર નોટીસ**

ક્ષેત્રફળ આધારિત આકારણી પધ્ધતી મુજબ મિલ્કતનો સામાન્ય કર આકારવા અંગેના વિવિધ પરિબળો તેમજ શિક્ષણ ઉપકર, પાણી કર, તથા કન્ઝરવન્સી અને સુઅરેઝ ટેક્ષ, ફાયર ટેક્ષ વિગેરેની વિગતો દર્શાવતા રાજ્ય કેન્દ્ર અને રાજય સરકારશ્રી હસ્તક્ની (ઔધોગિક એકમો સહની) તથા કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની ભાડે આપેલી મિલક્તોના સને ૨૦૨૧-૨૨ના વર્ષના આકારણી રજીસ્ટર આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. આકારણી રજીસ્ટરમાં દાખલ કરેલી વિગતો અને નોંધો, કચેરીના કામકાજના દિવસોમાં સવારના ૧૦.૩૦ થી ૧.૦૦ તથા ૧.૩૦ થી સાંજના ૫.૦૦ કલાક સુધી આકારણી શાખા, ખંડેરાવ માર્કેટ બિલ્ડીંગ, રાજમહેલ રોડ, વડોદરા સ્થિત કચેરીમાં (સરકારી મકાનોનો વિભાગ) જોવા મળશે. આકારણી રજીસ્ટરમાં નોંધવામાં આવેલ વિગતો બાબતે જો કોઇ વાંધો હોય તો લેખિત વાંધા અરજી તા.૧૦-૧૨-૨૧ સુધીમાં સાદા કાગળ ઉપર આકારણી શાખામાં આપી તેની પહોંચ મેળવી લેવી અથવા તમારી નકલ ઉપર સહી સિક્કા કરાવી લેવા.

**પી.આર.ઓ. નં./ ૭૦૫ /૨૦૨૧-૨૨.** મ્યુનિસિપલ કમિશનર

આસી.મ્યુનિસિપલ કમિશનર (રેવન્યુ)ની કચેરી

મહાનગરપાલીકા, વડોદરા
તા.૧૬/૧૧/૨૦૨૧.

સાદર રજુઃ-

વડોદરા મહાનગરપાલીકા હદ વિસ્તારમાં આવેલ કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી હસ્તકની (ઔધોગિક એકમો સહની) મિલકતોના સને ૨૦૨૧-૨૨ની સાલ માટે કરવેરા આકારણી રજીસ્ટરો ધી ગુજરાત પ્રોવીન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ના પરિશિષ્ટ કના પ્રકરણ-૮ ના નિયમ ૯ તથા નિયમ ૧૩ થી ૧૬ મુજબની પ્રસિધ્ધી કરવાની થાય છે જે તા.૨૬/૧૧/૨૦૨૧ ના રોજ દૈનિક વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરીએ અને જે મિલકતના માલીકોને પોતાની મિલકત વેરા સંબંધીત વાંધા અરજી કરવી હોય તેઓ તા.૧૦/૧૨/૨૦૨૧ સુધીમાં સંબંધીત કચેરી ખાતે વાંધા અરજીઓ કરી શકશે જે મુજબની જાહેરાત પ્રસિધ્ધ કરીએ.

આમ ઉપરોક્ત હકીકત જોવાઇ તે અંગે યોગ્ય નિર્ણય થઇ આકારણી રજીસ્ટરો પ્રસિધ્ધ કરવા મંજૂરી સહ હુકમ થવા તેમજ દૈનિક વર્તમાન પત્રોમાં જાહેરાત આપવા જાહેરાત મુસદ્દો સામેલ છે જે જોવાઇ તેને માન્ય રાખી તેના ઉપર સહી થવા સારૂ સાદર રજુ.

આસી.મ્યુનિ.કમિશનર (રે)